**ડાયરેક્ટ ❤ સે**

માણસ વેચાય છે તો ખરો
કેટલો મોંઘો વેચાય છે
કે કેટલો સસ્તો
એ તેની
મજબૂરી નક્કી કરે છે

## જન્મદિને વધામણી



**મમતા રાવલ**
પૂર્વ પ્રમુખ
લાયોનેસ ક્લબ



**ભરતસિંઘ આર ચૌધરી**
મો. ૯૪૨૮૮ ૦૭૦૮૫

### શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

# ચૌધરી કૉમર્સ કૉલેજ દ્વારા વાર્ષિક મહોત્સવ ઉજવાયો







ગાંધીનગર, તા. ૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉમર્સ કૉલેજ દ્વારા તાજેતરમાં વાર્ષિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આયોજિત સમારોહના અધ્યક્ષ તરીકે શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, મુખ્ય મહેમાન તરીકે આરોગ્ય વિભાગના સંયુક્ત સચિવ વી જી વણઝારા અને અતિથિ વિશેષ તરીકે ડૉ. એસ જી દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

વાર્ષિક મહોત્સવ અંતર્ગત કૉલેજનો વાર્ષિક અહેવાલ, પરિણામ, સિદ્ધિનો ટૂંકો પરિચય આપવામાં આવ્યો હતો. સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓએ મેળવેલી વિવિધ ક્ષેત્રની સિદ્ધિઓનો ઉલ્લેખ પણ આ પ્રસંગે કરવામાં આવ્યો હતો. વિવિધ ક્ષેત્રોમાં અગ્રેસર રહેનાર વિદ્યાર્થિનીઓને ઈનામોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરી અને સહમંત્રી માધુભાઈ ચૌધરીએ વિદ્યાર્થીનિઓને આશીર્વચન પાઠવ્યા હતા.

વિદ્યાર્થિનીઓ દ્વારા બૉલીવૂડ થીમ આધારિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ઘુમર, સ્પેશિયલ ૯૦, શ્રીદેવી સુપર સ્ટાર અને તલવારબાજીએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું અને ભરપૂર પ્રશસ્તિ પ્રાપ્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. ફાલ્ગુની પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ માટે કૉલેજનાં પ્રિન્સિપાલ પ્રો. પ્રકૃતિ ટી જોષી દ્વારા માર્ગદર્શન અને સમગ્ર મંડળ દ્વારા પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

# વાડોકાઈ કરાટે ઍકેડેમી દ્વારા રેન્ક ટેસ્ટનું આયોજન કરાયું




ગાંધીનગર, તા. ૧

વાડોકાઈ કરાટે ડો એકેડેમી ઓફ ગુજરાતની ગાંધીનગર શાખા દ્વારા કરાટેનો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ માટે એક રેન્ક ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરના કોચ સેનસાઈ સુરજ ત્રિપાઠી દ્વારા લેવામાં આવેલી આ પરીક્ષામાં ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિવિધ ડિગ્રી મેળવી હતી. ઑલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે ડો ઍસોસિએશનના વાઈસ ચૅરમૅન અને ટૅકનીકલ ડિરેક્ટર શિહાન અરવિંદભાઈ રાણાના વરદ્ હસ્તે પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને પદવીનાં પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. ગાંધીનગરના નિયામક સેનસાઈ ગૌરાંગભાઈ રાણાએ વિદ્યાર્થીઓનો બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સનો વાર્ષિકોત્સવ ઉજવાયો

## ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સ, રાજ સ્કૂલ, શારદા વિદ્યાલય અને શેઠ બી બી પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળાના વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓએ સુંદર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી

ગાંધીનગર, તા. ૧

ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સ, રાજ સ્કૂલ, શારદા વિદ્યાલય અને શેઠ બી બી પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળાનો વાર્ષિકોત્સવ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે ઉત્સાહથી ઉજવવામાં આવ્યો હતો.



આ પ્રસંગે આયોજિત સમારોહના અધ્યક્ષ તરીકે મધુર ડેરીના ચૅરમેન ડૉ. શંકરસિંહ રાણા, મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ પ્રદિપસિંહ ચાવડા, અતિથિ તરીકે બદપુરા કેળવણી મંડળના પ્રમુખ સુરેશભાઈ બી ચૌધરી અને ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સના ચૅરમૅન બાબુભાઈ પટેલ તથા ટ્રસ્ટી શારદાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી આ કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ ધોરણ-૩થી ૮ની બાળાઓએ અભિનય ગીત સહ પ્રાર્થના રજૂ કરી હતી. એ પછી સ્વાગત ગીત રજૂ થયું હતું અને વિવિધ ધોરણના વિદ્યાર્થીઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો, જેમાં ગીત, નૃત્ય અને અભિનય ગીતનો સમાવેશ થતો હતો. ચીની રાવલે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓના ઉત્સાહને વધારી દીધો હતો. તેમણે વિદ્યાર્થીઓ સાથે મળીને અભિનય ગીત પણ રજૂ કર્યું હતું.

ડૉ. શંકરસિંહ રાણાએ વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કાર્યક્રમને બિરદાવતાં તેમને આશિષ પાઠવ્યા હતા. પ્રદિપસિંહ ચાવડાએ પ્રવચન દ્વારા બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા અને શાળાને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ પાઠવી હતી. વાલીઓએ પણ કાર્યક્રમની પ્રશસ્તિ કરી હતી. અંતે, આચાર્ય અશ્વિનભાઈ પટેલ દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

# ગુજ. યુનિ. દ્વારા હાયર પેમેન્ટ કોર્સની ફી ઘટાડાશે

ગાંધીનગર, તા. ૧

ગુજરાત યુનિવર્સિટીમાં એનિમેશન, ફોરેન્સિક સાયન્સ સહિતના કેટલાક હાયર પેમેન્ટ કોર્સ ચલાવાઈ રહ્યા છે. આ કોર્સ માટે વિદ્યાર્થીઓ પાસેથી ઘણી ઊંચી ફી વસૂલાય છે. વિદ્યાર્થી સંગઠનો દ્વારા આવા કોર્સિસની ફીમાં ઘટાડો થવો જોઈએ તેમ વારંવાર રજૂઆત કરાઈ હતી. આ રજૂઆતોને પગલે યુનિવર્સિટીએ ઠરાવ પસાર કર્યો છે અને યુનિવર્સિટી પોતાની બૅંક ફિક્સ ડિપોઝિટને તોડીને આવા હાયર પેમેન્ટ કોર્સની ફીમાં ઘટાડો કરશે તેમ ઐતિહાસિક નિર્ણય કર્યો છે. યુનિવર્સિટીના આ નિર્ણયથી સામાન્ય પરિવારના વિદ્યાર્થીઓ પણ એક્સકલુઝિવ કોર્સ કરી શકશે. શનિવારે મળેલી સેનેટની બેઠકમાં સેનેટ સભ્યો દ્વારા વિદ્યાર્થીલક્ષી રજૂઆત કરવામાં આવી હતી જેમાં ઘણી રજૂઆતો ઉપર યુનિવર્સિટી દ્વારા વિચારણા કરવાનું આશ્વાસન અપાયું હતું. જેમાં ખાસ કરીને ગુજરાત યુનિવર્સિટીમાંથી સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવા માંગણી કરવામાં આવી હતી. સેમેસ્ટર સિસ્ટમના કારણે વિદ્યાર્થીઓ વર્ષમાં માત્ર ૮૦થી ૯૦ દિવસ ભણી શકે છે. આ ઉપરાંતનો સમય કોલેજ અને ભવનોમાં પરીક્ષા યોજવા અને પરિણામ કાઢવામાં પુરો થઈ જાય છે. યુનિવર્સિટી દ્વારા કોઈ પણ શિડ્યુલ બહાર પાડવામાં આવતું નથી.

### ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા

# શબ્દયાત્રા અંતર્ગત કવયિત્રી સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૧

શનિવારે આત્મા હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શબ્દયાત્રા અંતર્ગત કવયિત્રી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સુંદર કૃતિઓ કવયિત્રીઓએ પ્રસ્તુત કરી હતી.





એટલે પરિણામ પરબારું હતું,
હાથમાં ક્યાં ટાંકણું મારું હતું
- રક્ષા શુક્લ

કાચબા સમ ચાલવાની વાત છે
લક્ષ્ય ઉપર પહોંચવાની વાત છે
- પારુલ બારોટ

પરીક્ષા ફૂંકની છે, અજમાવી જો તું
હું તો વાંસની પોકળતા લઈ ફરું છું
- છાયા ત્રિવેદી

આંસુઓ થીજી ગયા તો લીલ થઈ
એક સપનું એટલે લપસ્યું હતું
- જિજ્ઞા મહેતા

ભલે હો પ્હાડ રસ્તામાં
અડીખમ છું ઈરાદામાં,
ભગીરથ છું, ધરા પર
તપ થકી ગંગા ઉતારું છું.
- ઉષા ઉપાધ્યાય

વધતા અહમને કાપવા
મનને હું લાગી પામવા
- ગોપાલી બુચ

સમયની સાથ ખેલી
જંગ હું ટટ્ટાર ઊભી છું
લઈને નાવને હું એકલી
મઝધાર ઊભી છું
- ઈશિતા દવે

હોઠથી ચિતરેલ ઉપવન ક્યાં ગયું ?
તે મને આપેલ ચુંબન ક્યાં ગયું ?
- રાધિકા પટેલ

તરતી રહી, ડૂબતી રહી
અજાણ્યા ઊંડાણમાં
ને દરેક વખતે ભરાતી રહી
ઘડાની જેમ
કદી ન ખૂટતાં કૂવાનાં પાણીની જેમ
- દક્ષા રાજેન્દ્ર પટેલ

# સે. ૫ના કલહેર માતાના મંદિરે પાટોત્સવ નિમિત્તે લક્ષ્મી હવન



સેક્ટર-૫ સી ખાતે કલહેર માતાના મંદીર ખાતે પાટોત્સવ નિમિત્તે શ્રી લક્ષ્મી હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. અનેક શ્રદ્ધાળુઓ આ હવનમાં જોડાયા હતા. નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ પ્રસંગે દર્શનનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

# માના આરાધન માટે ગામ આખું મંદિરના આંગણે







ગાંધીનગર, તા. ૧

આ દશ્યો અખંડ જ્યોતિ મંદિરનાં છે, શનિવારનાં છે. પાલનપુરથી દસેક કિલોમીટરે આવેલા એગોલા ગામમાં પશ્ચિમે કુશ્કલ જતા રોડ ઉપર શ્રી મહાકાળી માનું મંદિર છે. આ જગ્યામાં મોટો વડ, ગીચ લીમડાની ઝાડી અને આસોપાલવ તથા નાનો સરખો બગીચો પણ છે. અહીં ઠંડા પાણીની વ્યવસ્થા રાખવામાં આવી છે અને પક્ષીઓ માટે મોટું ચણઘર, પશુધન માટે બહાર હવાડો અને મોટી ટાંકી તથા બોર પણ છે.

પ્રતિ ચૈત્ર સુદ પુનમ નિમિત્તે અહીં બહુ મોટો ઉત્સવ ઉજવાય છે. આ એ દિવસ છે જ્યારે આખા ગામના લોકો પોતાનાં ઘર છોડીને મંદિરે આવી જાય છે ને આખો દિવસ મંદિરે જ રહે છે. ૧૯૬૫થી પ્રતિવર્ષ અહીં આ ઉત્સવ ઉજવવામાં આવે છે. તે સમયના ગામના ગૌસ્વામી બાવાજી રામપુરીજી અજબપુરીજી તથા ગામના આગેવાનોનાં હૃદયમાં માતાજીનો યથાગ ભાવ પ્રગટ થતાં મંદિરે જઈ નમ્રતાપૂર્વક માની પૂજા કરી હતી અને સમગ્ર ગામની સુખાકારી યાચી હતી. ત્યારથી માની કરૂણા પામવા માટે આ ઉજવણી હાથ ધરાઈ હતી, જે આજદિન સુધી કાયમ રહી છે.

ગામમાં બારેક જ્ઞાતિના લોકો વસે છે, પરંતુ સૌ સાથે મળીને આ ઉજવણીમાં ભાગ લે છે. આમ આ ઉજવણી ગામના સંપ, એકતા અને સમભાવનું પ્રતીક પણ છે. ઉજવણી ચૈત્ર સુદ પુનમના દિવસે એકોત્રા વર્ષે કાઢવામાં આવે છે. આખું ગામ શુભ મુહૂર્તમાં ગામના મુખ્ય પ્રવેશદ્વારમાંથી મંદિર જાય છે અને સાંજના શુભ મુહૂર્ત પ્રમાણે સારા ચોઘડિયામાં એ જ પ્રવેશદ્વારે આખા ગામના નાના-મોટા દરેક વ્યક્તિ પ્રવેશ કરાય છે, અન્ય કોઈ જગાએથી પ્રવેશ થતો નથી.

ગામલોકો ખૂબ જ આનંદમાં ઢોલ-નગારા સાથે માનો જયજયકાર કરતા મંદિરે આવે છે. ગામમાં જેટલા રસોડા હોય તે મુજબ દરેક કુટુંબ પ્રસાદ તરીકે સુખડી અને ચોખા બનાવીને સાથે લાવે છે.

ઉજવણી અંતર્ગત ગામલોકો દિવસભર માના ગરબા રમે છે અને પરત ગામમાં જવાના સાંજના સમય સુધી ખૂબ જ આનંદ માણે છે.

ઉલ્લેખનીય છે કે એકનાથજી મહાત્માના આદેશથી ૧૭-૫-૧૯૭૯ને ગુરુવારના દિવસે માની અખંડ જ્યોત પ્રગટાવવામાં આવી છે, જે આજદિન સુધી અખંડ છે.